નવા રજીસ્ટ્રેશન માટે આવતા
વાહનોના સી.આર.ટેમ બાબત.

વાહન વ્યવહાર કમિશ્નરની કચેરી,
ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.કબીજો-ત્રીજોમાળ,
જુનાસચિવાલય,ગાંધીનગર,
પરિપત્ર ક્રમાંક ડીએ/રજી/સી.આર.ટેમ/ઓન/ 3291
તારીખ:- /0૪/૨0૧૫. 16 MAY 2016

વંચાણે લીધા:- (૧) કેન્દ્રીય મોટર વાહન નિયમો ૧૯૮૯ના નિયમ ૪૭.
(૨) રાજ્ય સરકારના માંડવાળ ફીના જાહેરનામા ક્રમાંક:NO;G/G/2002/30/MVR/1097/2307/KH તા:૨૨-0૨-૨00૨
(૩) રાજ્ય સરકારના માંડવાળ ફીના જાહેરનામા ક્રમાંક:NO;G/G/2002/30/MVR/1097/2307/KH તા:0૫-0૨-૨0૧૬

## પરિપત્ર

વાહનની નોંધણી કરવા માટેની અરજી, દસ્તાવેજો સમયમર્યાદા વિગેરે કેન્દ્રીય મોટર વાહન નિયમો ૧૯૮૯ના નિયમ-૪૭ માં ઠરાવવામાં આવ્યા છે. જે મુજબ વાહન ખરીદીના ૭ (સાત) દિવસમાં વાહન નોંધણી માટે રજૂ કરવાનું છે. વાહન ખરીદીની તારીખ તરીકે સેલ, ઇનવોઇસ અથવા વીમા પોલીસી એ બેમાંથી જે વહેલું હોય તે તારીખ ગણતરીમાં લેવાય છે. હાલમાં રાજ્યની વિવિધ કચેરીઓમાં આ સમય મર્યાદાનો ભંગ તથા સી.આર.ટેમની મર્યાદાના ભંગ અંગે માંડવાળ ફી બાબતે સ્પષ્ટતાની જરુર જણાય છે. આ બાબતે સમગ્ર રાજ્યમાં એકસૂત્રતા જળવાય તે હેતુથી વાહનના રજીસ્ટ્રેશન સમયે સમય મર્યાદા બાબતે કેન્દ્રીય મોટર વાહન નિયમો ૧૯૮૯ ની જોગવાઇઓ, સરકારશ્રીનું તા:૨૨-0૨-૨00૨નું માંડવાળ ફીનું જાહેરનામું લક્ષમાં લઇ નીચે મુજબની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

ચેકીંગમાં પકડાયેલ વાહનો માટેના કેસોમાં પ્રથમ ગુનો બીજો ગુનાને લક્ષમાં લેવાનું રહેશે.

| | | | |
|---|---|---|---|
| (એ) | વાહન ખરીદીના સાત દિવસની અંદર | કોઇ દંડ / માંડવાળ ફી નહિ. | |
| (બી) | વાહન ખરીદીના સાત દિવસ ઉપર પરંતુ સી.આર.ટેમ પુરું થાય તે પહેલાં | કલમ-૧૭૭ મુજબ રૂ.૧00/- | |
| (સી) | સી.આર.ટેમ પુરું થયા બાદ વાહન અનરજીસ્ટર્ડ ગણાય તેથી | કલમ-૧૨ તથા તા: 0૫/0૨/૨0૧૬ ના જાહેરનામા મુજબ | |
| | | ટુ વ્હીલર | ૫00/- રૂપિયા |
| | | થ્રી વ્હીલર | ૧000/- રૂપિયા |
| | | હળવા મોટર વાહનો | ૨000/- રૂપિયા |
| | | ઉપરોક્ત ત્રણ સિવાયનાં અન્ય વાહનો | ૫000/- રૂપિયા |

નોંધ પર માન.કમિશ્નરશ્રીના આદેશ અનુસાર.

મદદનીશ વાહન વ્યવહારનિયામક,
ગુજરાત રાજય, ગાંધીનગર.

પ્રતિ,
(૧) સહાયક/ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી,તમામ
(૨) ઇન્ચાર્જશ્રી, આર.ટી.ઓ.ચેકપોસ્ટ, તમામ.

Akhil Gujarat Truck Transport Association
13-6-16

250/ડીએ/પઠાણ/૨